# ૧૯મા એડિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, (કોર્ટ નં.૧૩) અમદાવાદશહેર સમક્ષ.
# ફોજદારી કેસ નં. 48500/2025

## આંક–૧ હેઠળ હુકમ

(૧) પોલીસ દ્વારા દાખલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા. સદરહુ કેસમાં ત.ક.અધિ.શ્રીએ તપાસના અંતે આરોપી સામે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) મુજબનું ચાર્જશીટ કરેલ છે

(૨) આ કામે ગુજરાત પોલીસ એકટ અસ્તિત્વમાં આવેલ તે પહેલા બોમ્બે પોલિસ એકટ અમલામાં હતો હવે આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–૬ર વંચાણે લેતા કોઇ વ્યકિત તે વિસ્તાર છોડી જાય નહી અથવા તેને હાંકી મુકયા પછી પ્રવેશ કરે તે પ્રસંગે કામ કરવાની જોગવાઇ વંચાણે લેતાં પોલિસ વગર વોરંટે તે વ્યકિતની ધરપકડ કરી શકે તે જરીતે કલમ–૭ર મુજબ પોલીસને તેમાં જણાવેલ પ્રસંગે વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા રહેલ છે અને કલમ–૭૯ મુજબ તેમની હાજરીમાં કલમ–૩૯ કે ૪૦ કે ૧૧૭ કે ૧૩૧ ના પેટે ખંડ(૧)(૪) કે ૧૩૫ ના ખંડ(૧) મુજબનો ગુનો બનતો હોય ત્યારે તે અટકાવવાના ભાગરૂપે ધકપકડ કરી શકે. હવે ગુજરાત પોલિસ એકટની જોગવાઇઓ ધ્યાને લેતાં ઉપરોકત ગુનાઓ કોગ્નીઝેબલ છે કે નોનબેઇલેબલ છે તે મતલબની ઉપરોકત કિસ્સાઓમાં ધરપકડ કરાવેલ વ્યકિત અંગેના ટ્રાયલ અંગે કોઇ જોગવાઇ ગુજરાત પોલિસ એકટમાં કરેલ નથી. વધુમાં આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–૯૦–(ક) કે જયારે કોઇ ઢોરને રસ્તામાં ભટકવા દે કે ખાનગી કે સાર્વજનિક મિલકતમાં તેને અપ્રવેશ કરાવે તે અંગેના ગુનાની શિક્ષાની જોગવાઇ જોતાં તે પોલિસ અધિકારનો ગુનો છે.તેજ રીતે કલમ–૧૧૮ ઢોર વગેરેને પુરી ન રાખે તે અંગેની જોગવાઇ રહેલ છે જે કલમ–(૧–ગ)મુજબ તે પણ પોલિસ અધિકારનો ગુનો ગણાશે. જયારે કલમ–૧૪૩(ખ) ભયજનક પ્રયોગ કરવા અંગે છે તે પણ પોલિસ અધિકારનો ગુનો છે. આમ ઉપરોકત ત્રણ ગુનાઓ કોગ્નીઝેબલ એટલે કે પોલિસ અધિકારના છે જયારે બાકીના ગુનાઓ અંગે કોઇ સ્પષ્ટતા નથી.

(૩) આમ જયારે હવે ગુજરાત પોલિસ એકટમાં હવે કોઇ જોગવાઇ ન હોય ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૪ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડે. હવે જયારે બી.એન.એસ.એસ.ની જોગવાઇ લાગુ પડતી હોય ત્યારે આ ગુનો બેઇલેબલ છે કે નોન બેઇલેબલ છે? અગર તો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ છે તે અંગે બે પરિશિષ્ઠ આપેલ છે જેમાં પ્રથમ પરિશિષ્ઠ તે બી.એન.એસ.ના લગતા ગુનાઓ અંગે છે જયારે પરિશિષ્ઠ બે (ર) તે અન્ય કાયદાઓને લગતી કોઇ સ્પેશીફીક જોગવાઇ ન હોય ત્યારે તે લાગુ પડે. હવે આ કામે પુનરાવર્તનના દોષ સાથે જણાવવાનુ કે ઉપરોકત ગુના અંગે કોઇ ગુજરાત પોલિસ એકટમાં જોગવાઇ નથી ત્યારે બી.એન.એસ.એસ.ની જોગવાઇઓ લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ –ર હાલના કેસમાં લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ –ર ની આઇટમનં. ૩ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

| ગુનો | પોલિસ અધિકારનો કે પોલિસ અધિકાર બહારનો | જામીની કે બિન જામીની | **કઇ કોર્ટથી ઇન્સાફી કાર્યવાહી કરી શકાય.** |
|---|---|---|---|
| ૩ વર્ષથી ઓછી કેદ અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોયતો | પોલિસ અધિકાર બહારનો | જામીની | કોઇપણ મેજિસ્ટ્રેટ |

(૪) આમ હવે , ઉપરોકત ગુનો છે તે ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫(૧)નો છે જે ગુનાની સજાની જોગવાઇ મુજબ ૧ વર્ષ સુધીની રહેલ છે તે બરાબર છે. પરંતુ ઉપરોકત ગુનો હવે શીડયુલ ર વંચાણે

લેતાં, જામીની છે તેમજ પોલિસ અધિકાર બહારનો(નોન કોગ્નીઝેબલ) છે હવે આ કામે પોલિસને સંજોગ મુજબ અટક કરવાની સત્તા હોઇ તેથી કરીને તે ગુનો કોગ્નીઝેબલ બની જાય નહી તેમ હું માનુ છું.ત્યારે હવે ફરીવાર બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪(૨) આ કેસમાં લાગુ પડે. હવે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪(૨) મુજબ નોન કોગ્નીઝેબલ ગુનાઓમાં પોલિસ અદાલતની પુર્વ પરવાનગી વગર તપાસ કરી શકે નહી. હવે મારી સમક્ષના હાથપરના કેસમાં આ કામે પોલિસે તપાસ કરવા માટે પરવાનગી માંગેલ હોય અને તે પરવાનગી મળ્યા બાદ તપાસ કરીને ત્યારબાદ ચાર્જશીટ કરેલાનું રેકર્ડ પર નથી ત્યારે પોલિસ દ્વારા કરવામાં આવેલ સમગ્ર કાર્યવાહી મુળથી જ વ્યર્થ ગણાય એટલે કે ab intio void ગણાય. વધુમાં ૧૯૯૯ સીઆરએલજે પેજન.૧૨૪૪ (નામ.ગુજરાત હાઇકોર્ટ) રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોય તો ક્રિ. પ્રો.કોડની કલમ ૧૯૫નો બાધ નડે. આમ,હાલના કેસમાં હવે બી.એન.એસ.એસ.ની કલમ–૨૧૫ નો બાધ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ છે.

આમ હવે, સદર કેસમાં પોલિસે જે અદાલતની પરવાનગી મેળવ્યા સિવાય નોન કોગ્નીઝેબલ ગુનામાં ચાર્જશીટ કરેલ છે તે ગુનામાં આ અદાલત કોગ્નીઝન્સ લઇ તે આધારે આરોપી સામે તે ચાર્જશીટ આધારે આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહી. જેથી આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી ડ્રોપ કરવામાં આવે છે, પરંતુ કાયદા મુજબ પોલિસ અલગથી કાર્યવાહી થવા પાત્ર હોય તો તે કરી શકશે તેવી આ તબક્કે સ્પષ્ટતા કરવામાં આવે છે. આ કામે કિંમતી મુદામાલ અંગે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યે શરતો વિના કાયમ કરવામાં આવે છે અને જો કિંમતી મુદ્દામાલ અંગે અગાઉ હુકમ થયેલ ના હોય તો તે અંગે અલગથી ઈન્કવાયરી કરવી. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ તા.૦૮મી, માહે.માર્ચ, સને–૨૦૨૫ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**તા.૦૮/૦૩/૨૦૨૫**
**અમદાવાદશહેર.**

**(એ.જી. ઓઝા)**
**૧૯મા એડિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદશહેર.**
**કોડ નં. GJ-00839**